અપીલ અરજી નં.૩૯૩ તા.૯–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડે
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડેની તા.૨–૨–૧૧ની અરજીથી માંગેલ હરિધામ સોસા.ની બાજુમાં આવેલ ચૌધરીશિવનગર સોસા.સને૧૯૯૬ માં કોના કબ્જામાં હતી અને હાલમાં જે પ્લોટીંગ કરવામાં આવેલ છે તેના ઘરવેરા તેમજ કયા આધારે લોકોના નામ પર થયેલ તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૯–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૩/૨૦૧૦–૧૧.

શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડેની તા.૨–૨–૧૧ની અરજીથી માંગેલ રિધામ સોસા.ની બાજુમાં આવેલ ચૌધરીશિવનગર સોસા.સને૧૯૯૬ માં કોના કબ્જામાં હતી અને હાલમાં જે પ્લોટીંગ કરવામાં આવેલ છે તેના ઘરવેરા તેમજ કયા આધારે લોકોના નામ પર થયેલ તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ના પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૭૩૨ તા.૨૪–૨–૧૧ થી આપેલ માહિતી ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૭ તા.૧૭–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)તથા અરજદારને અપીલ અરજીથી માંગેલ માહિતી, તે પૈકી મળેલ ,નહીં મળેલ માહિતી તેમજ અપીલના આધાર તથા મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત રજુ કરેલ નથી તે રજુ કરવા તથા માંગેલ વિગતો પૈકી કઈ માહિતી મળેલ નથી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૩૪ તા.૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૭૩૨ તા.૨૪–૨–૧૧ ના પત્રની નકલ તથા તેના યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ, અરજદારના તા.૩–૩–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદારે તા.૯–૩–૧૧ ના રોજ પત્રની નકલ, તથા તા.૩–૩–૧૧ ના પત્રની નકલ, તેમજ જાહેર માહિતી અધિકારીએ સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૩૨ તા.૨૪–૨–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. આ ઉપરાંત અત્રેથી જાહેર માહિતી અધિકારીને અરજદારની તા.૯–૩–૧૧ ના પત્ર અંગે કાર્યવાહી અર્થે જાહેર માહિતી અધિકારીને પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮ તા.૭–૪–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારની તા.૨–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૩૨ તા.૨૪–૨–૧૧ થી " માંગેલ માહિતી અને દસ્તાવેજોની નકલ માટે પાનાની કુલ સંખ્યા –૩૨૭ પ્રતિ રૂા.૨/– પ્રમાણે કુલ રૂા.૬૫૪/– (અંકે રૂપિયા છસો ચોપ્પન પૂરા) જમા કરવાનું ફરમાવવામાં આવે છે. આ રકમ સાઉથઝોન ઉધના સીવીક સેન્ટર ખાતે જમા કરાવ્યા પછી જરૂરી માહિતી દસ્તાવેજોની નકલો મેળવી લેવા જણાવેલ છે. વધુમાં સને ૧૯૯૯–૨૦૦૦ માં ઉધનાઝોન ખાતેથી કરવામાં આવેલ સ્થળ તપાસ તથા પ્લોટ હોલ્ડરોએ રજૂ કરેલ કબ્જા રસીદ તેમજ પ્લાનના આધારે નામ દાખલ કરી ચૌધરીશિવનગર સોસા.નો ઘરવેરો વસુલ લેવામાં આવે છે" તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે ગેરકાયદેસર બાંધકામના ઘરવેરા તેવું કારણ જણાવી તા.૭–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અપીલ તબકકે અરજદારને અપીલ અરજીથી માંગેલ માહિતી, તે પૈકી મળેલ ,નહીં મળેલ માહિતી તેમજ અપીલના આધાર તથા મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત રજુ કરેલ નથી તે રજુ કરવા તથા માંગેલ વિગતો પૈકી કઈ માહિતી મળેલ નથી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં તા.૩–૩–૧૧ તથા તા.૯–૩–૧૧ ના રોજ શહેર વિકાસ ગાંધીનગરને પાઠવેલ પત્રની નકલ રજૂ કરી સદર જગ્યાએ ૭૦ પ્લોટો બનાવી વેચેલ છે અને ખોટો નકશો અને ખોટી માહિતી બનાવેલ છે. જેથી ખરી હકીકત ન હોવાના કારણે રૂા.૬૫૪/– જાહેર માહિતી અધિકારીએ માહિતી પેટે જણાવેલ તે ચૂકવેલ નથી. પરંતુ અરજદારે ખોટી માહિતી હોવાના કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. આમ અરજદારે માહિતી મેળવ્યા વિના માહિતી ખોટી હોવાનું અનુમાનિત કરેલ છે. અને માહિતી નહીં મળ્યાના પત્રમાં દાવો કરેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે બોગસ સોસા. ૧૦ માળની બાંધકામ બાબતનો નવો મુદ્દો ઉપસ્થિત કરેલ છે. જે મુળ માહિતી માંગણીમાં નથી. ત્યાર બાદ અરજદારે સદર પત્રમાં પ્લોટ નં.૧ થી ૪ ના ગેરકાયદેસર દાદર તેમજ દિવાલ ૨૦

ફુટ ઉભી કરેલ છે તથા અન્ય પ્લોટ નં.૧ થી ૩૯ ના પાછળના ગેરકાયદેસર બાંધકામોની રજૂઆત તેમના પત્રોથી કરેલ છે. મહાદેવનગર–૧ થી મોર્ય મારબલની દુકાન પણ જો રો–હાઉસ નંબર પર ગેરકાયદેસર બાંધકામો છે તેની રજૂઆત કરેલ છે અને સદર વિસ્તારના સુપરવાઈઝર વિરુધ્ધ ફરીયાદ કરેલ છે જે અંગે અત્રેથી ફરીયાદની રજૂઆત અંગે અરજદારની જાણ હેઠળ અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮ તા.૭–૪–૧૧ થી કાર્યવાહી અર્થે પત્ર પાઠવવામાં આવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારની રજૂઆતો તા.૩–૩–૧૧ તથા ૯–૩–૧૧ ને મુળ માહિતી માંગણીના વિષય વસ્તુથી ભિન્ન છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિર્દિષ્ટ સોસા. માં શાને આધારે નામ દાખલ કરેલ છે તેની માહિતી પૂરી પાડી તેની નકલો મેળવવા રૂા.૬૫૪/– ભરી મેળવી લેવા પ્રસ્તાવ સમય અવધિમાં કરેલ છે. પરંતુ અરજદારે દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવાને બદલે સીધી અપીલ અરજી કરી દીધેલ છે.

સમગ્ર હકીકત જોતાં અરજદાર મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી માહિતીના ઈન્કારનો અધૂરી કે ખોટી માહિતી આપવાનો કોઈ કિસ્સો જણાતો ન હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,(ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિરેન્દ્ર તુલસીરામજી તાયવડે